# NATIONAL STUDENTS' UNION OF INDIA

Office : Rajiv Gandhi Bhavan, Ellisbridge, Ahmedabad-380 006
Web. www.nsui.in

Mallikarjun Kharge, President of AICC | Kanhaya kumar Incharge All India NSUI | Mr. Varun Chaudhary National President NSUI

**NARENDRA SOLANKI**
President
GUJARAT NSUI.
(M) : 76982 73604


તા.૦૩-૦૪-૨૦૨૫

## પ્રેસનોટ

જય ભારત સાથે જણાવવાનું કે અમદાવાદ ની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ગુજરાત કોલેજ માં આવેલ હોસ્ટેલ એ ઘણા સમયથી બંધ હાલતમાં છે અને તે 2020 થી કોરોના વખતથી આ હોસ્ટેલ બંધ છે ત્યારબાદ આ હોસ્ટેલ ફરી શરૂ કરવામાં આવેલ નથી જે કારણે વિદ્યાર્થીઓને ઘણી બધી અગવડો અને રહેવાની મુશ્કેલીઓ પડી રહી છે જેમાં અમદાવાદ બહારના જિલ્લામાંથી આવતા વિદ્યાર્થીઓ જેને રહેવાની સુવિધા ના હોય તે કારણે તેઓ અન્ય બીજી જગ્યા અથવા હોસ્ટેલમાં કે પીજી જે પ્રાઇવેટ હોય તેમાં તોતિંગ ફી નું પ્રમાણ વધુ હોય છે સાથે જે વિદ્યાર્થીઓ આ સુવિધા માટે પહોંચી ના વળતા હોય કારણ કે તે વિદ્યાર્થી ગરીબ અથવા મધ્યમ વર્ગના પરિવારમાંથી ભણવા માટે ગુજરાત કોલેજ આવતો હોય છે. જો ગુજરાત કોલેજ ખાતે આવેલ હોસ્ટેલ શરૂ કરવામાં આવે તો આવનારા વર્ષથી વિદ્યાર્થીઓ એડમિશન લઈ શકે છે અને જે હાલમાં ગુજરાત કોલેજમાં અભ્યાસ કરે છે તેને આવી મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે કારણ થી ગુજરાત કોલેજની હોસ્ટેલ શરૂ કરવામાં આવે. આ કેમ્પસ માં હોસ્ટેલ ને લગતા જે કંઈ પણ કારણ હોય જેમ કે હોસ્ટેલ જર્જરિત થઈ ગઈ છે? હોસ્ટેલ રીનોવેશન કરવાની છે ? અથવા હોસ્ટેલનું નવું નિર્માણ કરવાનું છે ? તો તાત્કાલિક પણે તે કાર્યવાહી કરી શરૂ કરવામાં આવશે. આ સાથે ઘણા સમય થી કેમેસ્ટ્રી લેબોરેટરી ચાલતા વર્ગ ખંડો એ અન્ય નાના વર્ગ ખંડો માં રૂપાંતર કરેલા છે અને તેમાં આ વર્ગ ખંડો નાના હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ પડી રહી છે તેથી જે પ્રમાણે જૂની કેમિસ્ટ્રી લેબ ચાલતી હતી તે પ્રમાણે ફરીથી શરૂ કરવામાં આવે અને તે બિલ્ડિંગ ને લઈને જે પણ યોગ્ય કારણ હોય તેનું તાત્કાલિક નિવારણ લાવવામાં આવે તેવી માંગ છે. ત્રીજી બાબત એ છે કે ગુજરાત કોલેજ માં પાણીની સરખી વ્યવસ્થા નથી અને શૌચાલયોમાં પણ યોગ્યસર પાણી આવતું નથી જે વિધાર્થીઓની પ્રાથમિક જરૂરિયાત છે તેથી આ બાબત પર પણ યોગ્ય ધ્યાન આપી વિદ્યાર્થીઓની માંગને ધ્યાનમાં રાખીને તાત્કાલિક પણે યોગ્ય પગલા ભરવામાં આવે તેવી આપ શ્રી ને વિનંતી છે જો અમારી માંગ નું નિવારણ લાવવામાં નહીં આવે તો આવનારા સમયમાં ગુજરાત કોલેજમાં વિધાર્થી હિત માં ઉગ્ર વિરોધ પ્રદર્શન અને આંદોલન ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા કરવામાં આવશે.

(હર્ષ ચૌહાણ)
પ્રવક્તા, એન.એસ.યુ.આઈ.,ગુજરાત પ્રદેશ

નરેન્દ્ર સોલંકી
પ્રમુખ, ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ